सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૬–૦૩–૨૦૦૮ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૬–૦૩–૨૦૦૮ | | |
| ફૈસલ કર્યા તારીખ | | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## મહે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬ માં, મું.અમદાવાદ

**ફો.કેસ નં.૧૦૬૨/૨૦૦૮**

**આંકઃ–૭**

**ફરીયાદીઃ–** નામદાર સરકાર.

(મુળફરીયાદીઃ કૃપેશ ધનજંયભાઈ સોની),

**વિરુધ્ધ**

**આરોપીઃ–** **૧.** અનિલ શોભરાજ ખચ્છરા,(ઉ.વ.૨૭),

રહે.ઘર નં.૨૭, સનરાઈઝ સોસાયટી, મહારથી સોસાયટી સામે,

સરદારનગર, અમદાવાદ.

**૨.** કિરણ ડાહયાભાઈ સોલંકી,(ઉ.વ.૨૨),

રહે. ઘર નં.૬૨૭/૪૭ મ્યુ.સ્ટાફ કવાર્ટસ, કામદાર મેદાન, ગોમતીપુર,

અમદાવાદ.

**૩.** રાજકુમાર રમેશલાલ મુલચંદાણી, (ઉ.વ.૨૮),

રહે.ઘર નં.૬૫૫/૬, આંબાવાડી સમરનગર, અમદાવાદ.

**૪.** જયેશ જયંતીભાઈ વાઘેલા,(ઉ.વ.૨૦),

રહે.ઘર નં.૧૦, અંબાલીકા સોસાયટી, તળાવ સામે,

બળીયાદેવ મંદિર આગળ, લાંભાગામ, અમદાવાદ.

**ગુનોઃ ઈ.પી.કોડની કલમઃ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબનો...**

| | |
|---|---|
| ફરીયાદપક્ષે | વિદવાન ઈન્ચા.એ.પી.પી.શ્રી એ.એમ.પરમાર |
| આરોપીપક્ષે | વિદવાન વકીલશ્રી હાજર નથી. |

## –:: ચુ કા દો ::–

**૧.** ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરીયાદીએ પોતાની બે દિકરીઓને બહાર હરવા ફરવા જતા ઠપકો આપતાં આરોપી નં.(૧),(૨)નાંઓએ ભેગા મળી દિકરીઓને ઠપકો આપતા બાબતે ઉપરાણુ લઈ જાહેરમાં ફરીયાદીને જેમફાવે તેમ ગાળો બોલી ઝઘડો તકરાર કરી જાનથી મારી ઝઘડો તકરાર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી નં.(૨)નાંએ ફરીયાદીને ડાબા પગમાં લોખંડનો નાનો સળીયો માર ઈજા કરી તેમજ આરોપી નં.(૧)નાંએ ફરીયાદીને મોઢાનાં ભાગે ફેંટાનો માર મારી **ઈ.પી.કોડની કલમઃ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪** મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા બાબતની

ફરીયાદ ફરીયાદીએ સરકાર તરફે ખાડીયા પો. સ્ટે.માં સે. ગુ.ર.નં.૩૦૧૭/૨૦૦૫ થી નોધાંવતા, સદર ફરીયાદની પોલીસ તપાસ કરી ગુન્હો બનતાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ આવતા પોલીસ સ્ટેશનનાં અમલદારે ફરીયાદીની ફરીયાદ નોંધી, તે ફરીયાદની ત.ક.અમલદારશ્રીને સુપ્રત કર્યા બાદ ત.ક.અમલદારે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ અનુસંધાને યોગ્ય તપાસ કરતા પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ અત્રેની નામ.અદાલત સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જસીટ રજુ કરેલ છે.

**૨.** સદરહું કામે આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય તેમને અવારનવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં રેકર્ડ ઉપર વગર બજે પરત આવેલા પ્રોસેસને ધ્યાને લેતાં આરોપી નજીકનાં ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા ન હોય નામ.અદાલતે આંક–૦૧ નીચે ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ:૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરેલો તે રીતે આ કામ ફરીયાદપક્ષનાં પુરાવા ઉપર રાખવામાં આવેલું.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી કૃપેશ ધનજંયભાઈ સોનીની સોંગદ પરની જુબાની | આંક–૦૩ |

| | | |
|---|---|---|
| ૨. | સાહેદ ઉત્સવ કૌશીકભાઈ પટેલની સોંગદ પરની જુબાની | આંક–૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૦૪ |

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં આરોપીનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો હોય ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ સરકાર તરફે ઈન્ચા.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકિલશ્રીની દલીલ સાંભળી.

**૫.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

**:૧:** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં ફરીયાદીએ પોતાની બે દિકરીઓને બહાર હરવા ફરવા જતા ઠપકો આપતાં આરોપી નં.(૧), (૨)નાંઓએ ભેગા મળી દિકરીઓને ઠપકો આપતા બાબતે ઉપરાણુ લઈ જાહેરમાં ફરીયાદીને જેમફાવે તેમ ગાળો બોલી ઝઘડો તકરાર કરી જાનથી મારી ઝઘડો તકરાર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી નં.(૨)નાંએ ફરીયાદીને ડાબા પગમાં લોખંડનો નાનો સળીયો માર ઈજા કરી તેમજ આરોપી નં.(૧)નાંએ ફરીયાદીને મોઢાનાં ભાગે ફેંટાનો માર મારી **ઈ.પી.કોડની કલમઃ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪** મુજબનાં સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવમાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

૮. **મુદા નં.૧ ચર્ચા :-**

સદરહું કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવો જોઈએ તો ફરીયાદપક્ષે આંક-૦૩ થીફરીયાદી કૃપેશ ધનજંયભાઈ સોની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે ૨૦૦૮ માં બનેલો .જેમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ બનાવમાં તેમને કે તેમનાં મિત્રને ગાળ આપેલ હોય, ધમકી આપેલ નહી કે આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ નહી. તેમણે આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે તે ઓળખી બતાવે છે, ફરીયાદ રજુ દાખલ આંક-૦૪ છે. આરોપીને ઘણા વર્ષ થઈ ગયેલ હોઈ ઓળખી શકે નહી પરંતુ આ કેસને ઘણો સમય થઈ ગયેલ હોઈ તે સમયે શું બનેલ તે પણ તેમને યાદ નથી અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતો નથી. આમ સદરહું ફરીયાદી ફરીયાદપક્ષાં કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે સદર ફરીયાદીને ફરી ગયા સાહેદ તરીકે જાહેર કરી ફરીયાદપક્ષે ઉલટતપાસ કરતા ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ નથી.

જયારે બચાવપક્ષે ઉલટતપાસમાં સદરહું ફરીયાદીએ તે હકીકત કબુલ રાખેલ છે કે,

આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓનાં હાથમાં તમેણે કોઈ સાધન જોયેલ નહી. તેમને સ્વૈચ્છિક રાજીખુશીથી સમાધાન થયેલ છેઅને તે આ કામ આગળ ચલાવવા માંગતો નથી.

૦૯. ફરીયાદપક્ષે આંક–૦૫થી સાહેદ ઉત્સવ કૌશીકભાઈ પટેલ સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે ૨૦૦૮ માં બનેલો .જેમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ બનાવમાં તેમને કે તેમનાં મિત્રને ગાળ આપેલ હોય, ધમકી આપેલ નહી કે આરોપીએ કોઈ હથીયાર વડે તેમને માર મારેલ નહી. તેમણે આરોપી વિરુધ્ધ ફરીયાદ તેમનાં મિત્ર કૃપેશભાઈએ આપેલી અને પોલીસે તેમનો આ બાબતે જવાબ લીધેલો. આરોપીને ઘણા વર્ષ થઈ ગયેલ હોઈ ઓળખી શકે નહી પરંતુ આ કેસને ઘણો સમય થઈ ગયેલ હોઈ તે સમયે શું બનેલ તે પણ તેમને યાદ નથી અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતો નથી.

જયારે બચાવપક્ષે ઉલટતપાસમાં સદરહું સાહેદ તે હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સામે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓનાં હાથમાં તેમણે કોઈ સાધન જોયેલ નથી. તેમને રાજીખુશીથી સમાધાન થયેલ છે અને તે આ કેસ આગળ ચલાવવા માંગતો નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૦૬ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય આ સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

૧૦. ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં કામે ફરીયાદીએ આંક–૦૩નો મૌખિક પુરાવો અને આંક–૦૪ ની ફરીયાદ હકીકત આ કામે રેકર્ડ પર રજુ કરેલી છ ે જે તમામ પુરાવાઓ એકીસાથે વંચાણે લેતા આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓનાં હાથમાં તમેણે કોઈ સાધન જોયેલ નહી. તેમને સ્વૈચ્છિક રાજીખુશીથી સમાધાન થયેલ છેઅને તે આ કામ આગળ ચલાવવા માંગતો નથી. તે રીતે આ કામનાં આરોપી આ ગુન્હા સાથે સંડોવયાયેલ હોય તે અંગેનો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષનાં પુરાવાથી બહાર આવતો નથી. વધુમાં આ કામે તપાસવમાં આવેલ સાહેદ ઉત્સવ કૌશીકભાઈ પટેલનાંઓએ પણ તેમનાં પુરાવામાં આરોપીઓ વિરુધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી અને તેઓનાં પુરાવામાં આરોપીઓ સામે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓનાં હાથમાં તેમણે કોઈ સાધન જોયેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીએ આંક–૦૬ વાળી પુરાવો બંધ કર્યા અંગેની પુરસીસ કામમાં દાખલ કરેલ છે તે મુજબ ફરીયાદપક્ષે વધુ સાહેદો તપાસવા નથી તેવું જાહેર થયેલું છે તેથી આ કામનાં આરોપીઓને હાલનાં ગુન્હા સાથે કોઈ રીતે સીધી રીતે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય ત્યારે ઉપરોકત ગુનાનાં કામે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપી વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં નિઃશંકપણે ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આરોપી નં.**૧.**અનિલ શોભરાજ ખચ્છરા, **૨.**કિરણ ડાહયાભાઈ સોલંકી, **૩.**રાજકુમાર રમેશલાલ મુલચંદાણી, **૪.**જયેશ જયંતીભાઈ વાઘેલા,ને સી.આર.પી.સી.ની કલમ:૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમઃ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪** ગુન્હાનાં કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– અપીલ પીરીયડ બાદ મુદામાલ પાવતી મુજબનાં મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :
અમદાવાદ.

(દિપક સુર્યકાંત ડાભી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬, અમદાવાદ
કોડ નં. જીજે૦૦૧૦૧૮

LALJI(P.A.)